..।८३/०५

"સ્કોપ" સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનીટીસ થ્રુ પ્રોફીસીઅન્સી ઇન ઇંગ્લિશ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીપી-૨૬૦૦-૨૬૯૯-ખ૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 15 OCT 2008

વંચાણે લીધાઃ-

૧. વિભાગનો તા. ૨૭.૨.૨૦૦૭ નો ઠરાવ ક્રઃ બમશ-૧૦૦૭-૫૪૨-ગ.

૨. વિભાગનો તા. ૫.૬.૨૦૦૭ નો સભ્ય સચિવશ્રી, સ્કોપને લખાયેલ સમાનાંકી પત્ર.

આમુખ :-

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વય જુથના યુવાનો માટે અંગ્રેજી ભાષા શિક્ષણ માટે જાગૃતિ આવે અને શિક્ષણ મેળવવા માટેની સગવડતાઓ ઉભી કરવા માટે સ્વતંત્ર રીતે કામ કરતી સોસાયટી તરીકે ઉપર વંચાણે લીધેલ ઠરાવથી "સ્કોપ" સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનીટીસ થ્રુ પ્રોફીસીઅન્સી ઇન ઇંગ્લિશની રચના કરવામાં આવેલ. હાલમાં રાજયમાં સ્કોપ કાર્યક્રમ હેઠળ અંગ્રેજીની તાલીમ આપવામાં આવે છે. સાથેસાથે મોટાભાગની કોલેજોમાં ઇંગ્લીસ લેબોરેટરી સ્થપાય તે માટેના લક્ષ્યાંકો નક્કી થયેલ છે. કોલેજ કક્ષાએ યુવાનોને અંગ્રેજી શિખવવા માટે ઇંગ્લીસ લેબોરેટરીનો કાર્યક્રમ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી સંભાળે છે જયારે સ્કોપ અંગેની કામગીરી ચેરમેનશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સી.ઇ.ઓ. તરીકે સંભાળે છે. સ્કોપની રચના પાછળનો સરકારશ્રીનો હેતુ રાજયના યુવાનોને અંગ્રેજીની તાલીમ આપવાનો છે. જયારે કોલેજ કક્ષાએ ઇંગ્લીસ લેબોરેટરીની સ્થાપના કરી કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા યુવાનોને અંગ્રેજી ભાષાની તાલીમ આપવામાં આવે છે. રાજયના યુવાનોને અંગ્રેજી ભાષાની તાલીમ આપવાનો મુખ્ય હેતુ હોવાથી બંને યોજનાઓની કામગીરી એક જ કચેરી કક્ષાએથી હાથ ધરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે ઉપર આમુખમાં જણાવેલ ઠરાવથી સ્કોપ અંગેની કામગીરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને સોંપવામાં આવેલ તેમાં ફેરફાર કરી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને કામગીરી આથી સોંપવામાં આવે છે.

પાન નં. ૨

વધુમાં, સ્કોપ માટેના ચીફ એકઝીકયુટીવ ઓફીસરનો હવાલો શ્રી આર.કે.પાઠક, ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જગ્યાએ શ્રીમતી જયંતિ એસ. રવી, કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણને સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે. તે માટે સોસાયટીના મેમોરેન્ડમ અને આર્ટીકલ્સ ઓફ એસોસીએશનમાં જરુરી ફેરફાર કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા.ક.મંત્રીશ્રી (ઉચ્ચ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય ,ગાંધીનગર.
૫. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. શ્રી આર.કે.પાઠક, ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૭. શ્રીમતી જયતિ એસ. રવિ, કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર.
૮. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. એ.જી. અમદાવાદ / રાજકોટ.
૧૦. નાણા સલાહકારશ્રી (શિક્ષણ) , નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૧૨. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૩. શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
૧૪. શિક્ષણ વિભાગના સર્વે ખાતાના વડાઓ.
૧૫. શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
૧૬. સીલેકટ ફાઇલ.